# રાજય ચૂંટણી આયોગ

**બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ,**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૦૧-૦૪-૨૦૨૬**

**ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/ક**-૯૬૪૭ થી ૯૭૬૨

## અખબારી યાદી

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત.

**૧.** આ સાથે સામેલ પત્રક મુજબની રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો તથા ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણીઓ યોજવા રાજય ચૂંટણી આયોગે નીચે મુજબનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે.

### ચૂંટણી કાર્યક્રમ

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૦૧-૦૪-૨૦૨૬ |
| ૨ | જાહેરનામું/ચૂંટણીની નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૬-૦૪-૨૦૨૬ |
| ૩ | ઉમેદવારીપત્રો ભરવા માટેની છેલ્લી તારીખ | ૧૧-૦૪-૨૦૨૬ |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ | ૧૩-૦૪-૨૦૨૬ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ | ૧૫-૦૪-૨૦૨૬ |
| **૬** | **મતદાનની તારીખ** | **૨૬-૦૪-૨૦૨૬ (રવિવાર) સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી** |
| ૭ | પુનઃ મતદાનની તારીખ (જો જરૂરી હોયતો) | ૨૭-૦૪-૨૦૨૬ |
| ૮ | મતગણતરીની તારીખ | ૨૮-૦૪-૨૦૨૬ |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | ૩૦-૦૪-૨૦૨૬ |

(૧) ઉક્ત વિગતેની મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓ / જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય/ પેટા ચૂંટણીઓ હેઠળના વિસ્તારમાં તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ ચૂંટણીઓની જાહેરાત થતાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલમાં આવે છે.

(૨) ચૂંટણીમાં ઉમેદવારે ઉમેદવારી પત્ર સાથે પોતાનો ગુનાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવાં બાબતનું સોગંદનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે. અરજદારો ઉમેદવારી ફોર્મ સંબંધિત ચૂંટણી અધિકારીની કચેરીએથી મેળવી શકશે અથવા આયોગની વેબસાઈટ ઉપરથી download પણ કરી શકાશે. (આયોગની વેબ સાઈટ https://sec.gujarat.gov.in/ )

(૩) આ ચૂંટણીમાં મતદાન સમયે, મતદારે ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ મતદાર ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે. પરંતુ વાજબી કારણસર EPIC રજૂ કરી શકે તેમ ન હોય તો, સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપતિ થાય તે માટે મતદાર, રાજય ચૂંટણી આયોગના તા.૨૬-૧૧-૨૦૧૬ ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ- સ્થા.સ્વ.-૨૫- ૧૧૨૦૧૬-ક થી નિયત કરેલ ફોટાવાળા દસ્તાવેજો પૈકી કોઈ એક દસ્તાવેજ રજૂ કરી શકશે.

(૪) રાજય ચૂંટણી આયોગે, આ ચૂંટણીઓ માટેના મતદાનનો સમય સવારે ૭-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધીનો નક્કી કરેલ છે.

(૫) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો નિર્ભય રીતે મતદાન કરી શકે તે અંગે પૂરતો પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૬) મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓ / જિલ્લા / તાલુકા પંચાયતોની આ સામાન્ય / પેટા ચૂંટણીઓ વીજાણુ મતદાન યંત્રો (EVM) દ્વારા કરવામાં આવશે.

૨. રાજય ચૂંટણી આયોગ મતદારોને પાયાની લોકશાહીને વધુ મજબૂત કરવા પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરી, મતદાન કરવા અનુરોધ કરે છે. આયોગ મતદારો, ઉમેદવારો, સર્વે રાજકીય પક્ષો અને જાહેર જનતા તરફથી પાયાની લોકશાહીની આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે આ રાષ્ટ્રીય / સંવૈધાનિક કામમાં સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખે છે.

**બિડાણ-ઉપર મુજબ**

**( આર. જી. ગોહિલ )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશનરશ્રી,**
**૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

૨/- રાજયના તથા જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા તેમજ ઈલેકટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

**<u>નકલ સવિનય રવાનાઃ-</u>**

- માન. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.

**<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :</u>**

- શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી અમદાવાદ, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, નવસારી, પોરબંદર, ભાવનગર, મહેસાણા, મોરબી, રાજકોટ, વડોદરા, વલસાડ, સુરત, સુરેન્દ્રનગર; જિલ્લા મ્યુનિસિપલ / જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, તમામ (સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ અને અન્ય સર્વે સબંધિત અધિકારીશ્રીઓ / કચેરીઓ / રાજકીય પક્ષોને આ અંગે તાત્કાલિક જાણ કરવાની વિનંતી સહ) આપના જિલ્લા પૂરતી જુદી અખબારી યાદી આપવા તથા આ અખબારી યાદીની વિવિધ પ્રસાર માધ્યમો દ્વારા બહોળી પ્રસિધ્ધિ થાય તે જોવા વિનંતી સહ.
- રાજય ચૂંટણી આયોગ ખાતે નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઈલ.

## -: પત્રક :-

### એપ્રિલ - ૨૦૨૬ સામાન્ય ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાની યાદી:

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ |
| ૨ | આણંદ | કરમસદ આણંદ |
| ૩ | કચ્છ | ગાંધીધામ |
| ૪ | ખેડા | નડીઆદ |
| ૫ | જામનગર | જામનગર |
| ૬ | નવસારી | નવસારી |
| ૭ | પોરબંદર | પોરબંદર |
| ૮ | ભાવનગર | ભાવનગર |
| ૯ | મહેસાણા | મહેસાણા |
| ૧૦ | મોરબી | મોરબી |
| ૧૧ | રાજકોટ | રાજકોટ |
| ૧૨ | વડોદરા | વડોદરા |
| ૧૩ | વલસાડ | વાપી |
| ૧૪ | સુરત | સુરત |
| ૧૫ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર |

### એપ્રિલ - ૨૦૨૬ સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની યાદી:

| અ.નં. | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ | |
| ૧ | અમદાવાદ | ૧ | ધોળકા | A | ૨ | વિરમગામ | B | ૩ | બારેજા | C | ૩ |
| ૨ | અમરેલી | ૧ | અમરેલી | A | ૨ | બગસરા | C | ૩ | સાવરકુંડલા | A | |
| | | ૪ | દામનગર | D | ૫ | બાબરા | C | ૬ | ધારી | C | ૬ |
| ૩ | અરવલ્લી | ૧ | મોડાસા | A | ૨ | બાયડ | D | | | | ૨ |
| ૪ | આણંદ | ૧ | ઉમરેઠ | C | ૨ | ખંભાત | A | ૩ | પેટલાદ | B | |
| | | ૪ | બોરસદ | B | ૫ | સોજીત્રા | D | ૬ | તારાપુર | C | ૬ |
| ૫ | કચ્છ | ૧ | અંજાર | A | ૨ | માંડવી | B | ૩ | ભુજ | A | |
| | | ૪ | મુન્દ્રા બારોઇ | B | ૫ | નખત્રાણા | C | | | | ૫ |
| ૬ | ખેડા | ૧ | કપડવંજ | B | ૨ | કણજરી | D | ૩ | ઠાસરા | D | |
| | | ૪ | કઠલાલ | C | | | | | | | ૪ |
| ૭ | ગાંધીનગર | ૧ | દહેગામ | B | ૨ | કલોલ | A | | | | ૨ |
| ૮ | ગીર સોમનાથ | ૧ | વેરાવળ-પાટણ | A | ૨ | ઉના | B | ૩ | સુત્રાપાડા | C | |
| | | ૪ | તાલાલા | C | | | | | | | ૪ |
| ૯ | છોટા ઉદેપુર | ૧ | બોડેલી | C | | | | | | | ૧ |
| ૧૦ | જામનગર | ૧ | સિક્કા | C | | | | | | | ૧ |
| ૧૧ | જૂનાગઢ | ૧ | કેશોદ | A | | | | | | | ૧ |
| ૧૨ | તાપી | ૧ | વ્યારા | A | | | | | | | ૧ |
| ૧૩ | દાહોદ | ૧ | દાહોદ | A | | | | | | | ૧ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૧ | ખંભાળીયા | A | ૨ | જામ રાવલ | C | | | | ૨ |
| ૧૫ | નર્મદા | ૧ | રાજપીપળા | A | | | | | | | ૧ |
| ૧૬ | નવસારી | ૧ | ગણદેવી | D | | | | | | | ૧ |
| ૧૭ | પંચમહાલ | ૧ | ગોધરા | A | ૨ | શહેરા | C | | | | ૨ |
| ૧૮ | પાટણ | ૧ | પાટણ | A | ૨ | સિધ્ધપુર | A | | | | ૨ |
| ૧૯ | બનાસકાંઠા | ૧ | પાલનપુર | A | ૨ | ડીસા | A | ૩ | ધાનેરા | C | ૩ |
| ૨૦ | બોટાદ | ૧ | બોટાદ | A | ૨ | બરવાળા | D | | | | ૨ |

| અ.નં | જિલ્લાનું નામ | ચૂંટણી હેઠળની નગરપાલિકાની વિગત | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | નામ | વર્ગ | | નામ | વર્ગ | | નામ | વર્ગ | |
| ૨૧ | ભરૂચ | ૧ | ભરૂચ | A | ૨ | જંબુસર | B | ૩ | અંકલેશ્વર | A | |
| | | ૪ | આમોદ | D | | | | | | | ૪ |
| ૨૨ | ભાવનગર | ૧ | મહુવા | A | ૨ | પાલીતાણા | A | ૩ | વલ્લભીપુર | D | ૩ |
| ૨૩ | મહેસાણા | ૧ | કડી | A | ૨ | વિસનગર | A | ૩ | ઉંઝા | A | |
| | | ૪ | વિજાપુર | C | ૫ | બેચર-બેચરાજી | C | | | | ૫ |
| ૨૪ | મોરબી | ૧ | વાંકાનેર | B | ૨ | માળીયા-મિયાણા | D | ૩ | ટંકારા | C | ૩ |
| ૨૫ | રાજકોટ | ૧ | ગોંડલ | A | | | | | | | ૧ |
| ૨૬ | વડોદરા | ૧ | ડભોઇ | B | ૨ | પાદરા | B | ૩ | સાવલી | C | |
| | | ૪ | વાઘોડીયા | C | | | | | | | ૪ |
| ૨૭ | વલસાડ | ૧ | ઉમરગામ | C | | | | | | | ૧ |
| ૨૮ | વાવ થરાદ | ૧ | ભાભર | C | ૨ | થરાદ | A | | | | ૨ |
| ૨૯ | સાબરકાંઠા | ૧ | હિંમતનગર | A | ૨ | વડાલી | C | ૩ | ઇડર | B | ૩ |
| ૩૦ | સુરત | ૧ | બારડોલી | B | ૨ | કડોદરા | C | ૩ | માંડવી | C | |
| | | ૪ | તરસાડી | C | | | | | | | ૪ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧ | લીંમડી | B | ૨ | ધ્રાંગધ્રા | A | ૩ | પાટડી | D | |
| | | ૪ | ચોટીલા | B | | | | | | | ૪ |
| **કુલ નગરપાલિકા** | | | | | | | | | | | **૮૪** |

**એપ્રિલ - ૨૦૨૬ પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાની ખાલી બેઠકો:**

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | વોર્ડ/ બેઠક નંબર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | વડનગર | A | ૨ (ત્રીજી) | ૧ |
| ૨ | સાબરકાંઠા | પ્રાંતિજ | C | ૨ (ત્રીજી) | ૧ |
| ૩ | પોરબંદર | કુતિયાણા | D | ૬ (ચોથી) | ૧ |
| ૪ | પોરબંદર | રાણાવાવ | B | ૬(ત્રીજી) | ૧ |
| ૫ | પાટણ | રાધનપુર | B | ૨ (પ્રથમ) | ૧ |
| ૬ | જૂનાગઢ | બાંટવા | D | ૩ (પ્રથમ) | ૧ |
| ૭ | ખેડા | મહેમદાવાદ | C | ૧ (પ્રથમ) | ૧ |
| ૮ | ખેડા | મહેમદાવાદ | C | ૧ (ચોથી) | ૧ |
| ૯ | ખેડા | મહેમદાવાદ | C | ૫ (પ્રથમ) | ૧ |
| ૧૦ | ખેડા | મહુધા | D | ૫ (ચોથી) | ૧ |
| ૧૧ | મહીસાગર | લુણાવાડા | A | ૫ (પ્રથમ) | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | થાનગઢ | B | ૧(ચોથી) | ૧ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | સલાયા | C | ૩(ત્રીજી) | ૧ |
| **૧૧ નગરપાલિકાઓની કુલ બેઠકો** | | | | | **૧૩** |

**એપ્રિલ - ૨૦૨૬ સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા અને તાલુકા પંચાયતોની યાદી:**

| અ. નં. | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | (૧) અમદાવાદ | ૧ | દસક્રોઇ | ૨ | સાણંદ | ૩ | બાવળા | |
| | | ૪ | વિરમગામ | ૫ | ધંધુકા | ૬ | દેત્રોજ રામપુરા | |
| | | ૭ | માંડલ | ૮ | ધોળકા | ૯ | ધોલેરા | ૯ |
| ૨ | (૨) અમરેલી | ૧ | ધારી | ૨ | બાબરા | ૩ | બગસરા | |
| | | ૪ | કુંકાવાવ વડીયા | ૫ | રાજુલા | ૬ | લીલીયા | |
| | | ૭ | અમરેલી | ૮ | ખાંભા | ૯ | સાવરકુંડલા | |
| | | ૧૦ | લાઠી | ૧૧ | જાફરાબાદ | | | ૧૧ |
| ૩ | (૩) અરવલ્લી | ૧ | મોડાસા | ૨ | ભિલોડા | ૩ | શામળાજી | |
| | | ૪ | બાયડ | ૫ | સાઠંબા | ૬ | ધનસુરા | |
| | | ૭ | માલપુર | ૮ | મેઘરજ | | | ૮ |
| ૪ | (૪) આણંદ | ૧ | આણંદ | ૨ | સોજીત્રા | ૩ | તારાપુર | |
| | | ૪ | ઉમરેઠ | ૫ | બોરસદ | ૬ | પેટલાદ | |
| | | ૭ | ખંભાત | ૮ | આંકલાવ | | | ૮ |

| અ. નં. | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | (૫) કચ્છ | ૧ | ભુજ | ૨ | માંડવી | ૩ | મુન્દ્રા | |
| | | ૪ | અંજાર | ૫ | ભચાઉ | ૬ | રાપર | |
| | | ૭ | નખત્રાણા | ૮ | અબડાસા | ૯ | લખપત | ૯ |
| ૬ | (૬) ખેડા | ૧ | નડીઆદ | ૨ | માતર | ૩ | મહુધા | |
| | | ૪ | ખેડા | ૫ | ઠાસરા | ૬ | મહેમદાવાદ | |
| | | ૭ | વસો | ૮ | ગળતેશ્વર | ૯ | ફાગવેલ | ૯ |
| ૭ | (૭) ગાંધીનગર | ૧ | કલોલ | ૨ | દહેગામ | ૩ | માણસા | ૩ |
| ૮ | (૮) ગીર સોમનાથ | ૧ | વેરાવળ | ૨ | ઉના | ૩ | ગીર ગઢડા | |
| | | ૪ | તાલાલા | ૫ | સુત્રાપાડા | ૬ | કોડીનાર | ૬ |
| ૯ | (૯) છોટા ઉદેપુર | ૧ | છોટા ઉદેપુર | ૨ | કવાંટ | ૩ | નસવાડી | |
| | | ૪ | જેતપુર-પાવી | ૫ | કદવાલ | ૬ | બોડેલી | |
| | | ૭ | સંખેડા | | | | | ૭ |
| ૧૦ | (૧૦) જામનગર | ૧ | લાલપુર | ૨ | જામજોધપુર | ૩ | જામનગર | |
| | | ૪ | ધ્રોલ | ૫ | કાલાવડ | ૬ | જોડીયા | ૬ |
| ૧૧ | (૧૧) જૂનાગઢ | ૧ | ભેંસાણ | ૨ | માળીયા હાટીના | ૩ | માંગરોળ | |
| | | ૪ | વિસાવદર | ૫ | કેશોદ | ૬ | મેંદરડા | |
| | | ૭ | માણાવદર | ૮ | જૂનાગઢ | ૯ | વંથલી | ૯ |
| ૧૨ | (૧૨) ડાંગ | ૧ | આહવા | ૨ | સુબીર | ૩ | વઘઇ | ૩ |
| ૧૩ | (૧૩) તાપી | ૧ | વ્યારા | ૨ | વાલોડ | ૩ | સોનગઢ | |
| | | ૪ | ઉકાઇ | ૫ | ઉચ્છલ | ૬ | નિઝર | |
| | | ૭ | ડોલવણ | ૮ | કુકરમુંડા | | | ૮ |
| ૧૪ | (૧૪) દાહોદ | ૧ | દાહોદ | ૨ | દેવગઢબારીઆ | ૩ | ધાનપુર | |
| | | ૪ | લીમખેડા | ૫ | સિંગવડ | ૬ | ગરબાડા | |
| | | ૭ | સંજેલી | ૮ | ઝાલોદ | ૯ | ગોવિંદગુરુ લીંમડી | |
| | | ૧૦ | ફતેપુરા | ૧૧ | સુખસર | | | ૧૧ |
| ૧૫ | (૧૫) દેવભૂમિ દ્વારકા | ૧ | દ્વારકા | ૨ | ભાણવડ | ૩ | ખંભાળીયા | |
| | | ૪ | કલ્યાણપુર | | | | | ૪ |
| ૧૬ | (૧૬) નર્મદા | ૧ | નાંદોદ | ૨ | તિલકવાડા | ૩ | દેડીયાપાડા | |
| | | ૪ | ચીકદા | ૫ | સાગબારા | ૬ | ગરૂડેશ્વર | ૬ |
| ૧૭ | (૧૭) નવસારી | ૧ | નવસારી | ૨ | વાંસદા | ૩ | ચીખલી | |
| | | ૪ | જલાલપોર | ૫ | ખેરગામ | ૬ | ગણદેવી | ૬ |
| ૧૮ | (૧૮) પંચમહાલ | ૧ | કાલોલ | ૨ | મોરવા(હડફ) | ૩ | જાંબુઘોડા | |
| | | ૪ | શહેરા | ૫ | ઘોઘંબા | ૬ | ગોધરા | |
| | | ૭ | હાલોલ | | | | | ૭ |
| ૧૯ | (૧૯) પાટણ | ૧ | પાટણ | ૨ | સમી | ૩ | સાંતલપુર | |
| | | ૪ | રાધનપુર | ૫ | ચાણસ્મા | ૬ | સિધ્ધપુર | |
| | | ૭ | હારીજ | ૮ | શંખેશ્વર | ૯ | સરસ્વતી | ૯ |
| ૨૦ | (૨૦) પોરબંદર | ૧ | રાણાવાવ | ૨ | કુતિયાણા | ૩ | પોરબંદર | ૩ |
| ૨૧ | (૨૧) બનાસકાંઠા | ૧ | પાલનપુર | ૨ | વડગામ | ૩ | દાંતા | |
| | | ૪ | હડાદ | ૫ | અમીરગઢ | ૬ | ડીસા | |
| | | ૭ | કાંકરેજ | ૮ | ઓગડ | ૯ | ધાનેરા | |
| | | ૧૦ | દાંતીવાડા | | | | | ૧૦ |
| ૨૨ | (૨૨) બોટાદ | ૧ | બોટાદ | ૨ | ગઢડા | ૩ | રાણપુર | |
| | | ૪ | બરવાળા | | | | | ૪ |
| ૨૩ | (૨૩) ભરૂચ | ૧ | ભરૂચ | ૨ | અંકલેશ્વર | ૩ | જંબુસર | |
| | | ૪ | આમોદ | ૫ | વાગરા | ૬ | હાંસોટ | |
| | | ૭ | ઝઘડિયા | ૮ | વાલીયા | ૯ | નેત્રંગ | ૯ |
| ૨૪ | (૨૪) ભાવનગર | ૧ | વલ્લભીપુર | ૨ | ઉમરાળા | ૩ | મહુવા | |
| | | ૪ | પાલીતાણા | ૫ | ભાવનગર(ગ્રામ્ય) | ૬ | ઘોઘા | |
| | | ૭ | તળાજા | ૮ | ગારિયાધાર | ૯ | શિહોર | |
| | | ૧૦ | જેસર | | | | | ૧૦ |
| ૨૫ | (૨૫) મહીસાગર | ૧ | લુણાવાડા | ૨ | કોઠંબા | ૩ | ગોધર | |
| | | ૪ | સંતરામપુર | ૫ | કડાણા | ૬ | ખાનપુર | |

| અ. નં. | ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | બાલાસિનોર | ૮ | વિરપુર | | | ૮ |
| ૨૬ | (૨૬) મહેસાણા | ૧ | મહેસાણા | ૨ | ખેરાલુ | ૩ | વિજાપુર | |
| | | ૪ | બેચરાજી | ૫ | વડનગર | ૬ | કડી | |
| | | ૭ | ઉંઝા | ૮ | સતલાસણા | ૯ | વિસનગર | |
| | | ૧૦ | જોટાણા | | | | | ૧૦ |
| ૨૭ | (૨૭) મોરબી | ૧ | હળવદ | ૨ | મોરબી | ૩ | વાંકાનેર | |
| | | ૪ | માળીયા | ૫ | ટંકારા | | | ૫ |
| ૨૮ | (૨૮) રાજકોટ | ૧ | રાજકોટ | ૨ | જામ કંડોરણા | ૩ | જેતપુર | |
| | | ૪ | કોટડા સાંગાણી | ૫ | ગોંડલ | ૬ | લોધીકા | |
| | | ૭ | પડધરી | ૮ | ધોરાજી | ૯ | જસદણ | |
| | | ૧૦ | વીંછીયા | ૧૧ | ઉપલેટા | | | ૧૧ |
| ૨૯ | (૨૯) વડોદરા | ૧ | પાદરા | ૨ | કરજણ | ૩ | શિનોર | |
| | | ૪ | સાવલી | ૫ | ડભોઇ | ૬ | ડેસર | |
| | | ૭ | વડોદરા | ૮ | વાઘોડીયા | | | ૮ |
| ૩૦ | (૩૦) વલસાડ | ૧ | વલસાડ | ૨ | પારડી | ૩ | ધરમપુર | |
| | | ૪ | કપરાડા | ૫ | ઉમરગામ | ૬ | નાનાપોંઢા | ૬ |
| ૩૧ | (૩૧) વાવ થરાદ | ૧ | દિયોદર | ૨ | લાખણી | ૩ | થરાદ | |
| | | ૪ | રાહ | ૫ | વાવ | ૬ | ધરણીધર | |
| | | ૭ | ભાભર | ૮ | સૂઇગામ | | | ૮ |
| ૩૨ | (૩૨) સાબરકાંઠા | ૧ | હિંમતનગર | ૨ | ખેડબ્રહ્મા | ૩ | પ્રાંતિજ | |
| | | ૪ | વિજયનગર | ૫ | વડાલી | ૬ | ઇડર | |
| | | ૭ | તલોદ | ૮ | પોશીના | | | ૮ |
| ૩૩ | (૩૩) સુરત | ૧ | ઓલપાડ | ૨ | માંડવી | ૩ | અરેઠ | |
| | | ૪ | કામરેજ | ૫ | બારડોલી | ૬ | માંગરોળ | |
| | | ૭ | ઉમરપાડા | ૮ | ચોર્યાસી | ૯ | પલસાણા | |
| | | ૧૦ | મહુવા | ૧૧ | અંબિકા | | | ૧૧ |
| ૩૪ | (૩૪) સુરેન્દ્રનગર | ૧ | દસાડા | ૨ | ધ્રાંગધ્રા | ૩ | ચુડા | |
| | | ૪ | લખતર | ૫ | લીંબડી | ૬ | વઢવાણ | |
| | | ૭ | ચોટીલા | ૮ | સાયલા | ૯ | મુળી | |
| | | ૧૦ | થાનગઢ | | | | | ૧૦ |
| **કુલ તાલુકા પંચાયતો** | | | | | | | | **૨૬૦** |

**એપ્રિલ – ૨૦૨૬ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/જિલ્લાઓ/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓનો કાર્યક્રમ**

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૦૧-૦૪-૨૦૨૬ |
| ૨ | જાહેરનામું/ચૂંટણીની નોટિસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૦૬-૦૪-૨૦૨૬ |
| ૩ | ઉમેદવારીપત્રો ભરવા માટેની છેલ્લી તારીખ | ૧૧-૦૪-૨૦૨૬ |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ | ૧૩-૦૪-૨૦૨૬ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ | ૧૫-૦૪-૨૦૨૬ |
| **૬** | **મતદાનની તારીખ** | **૨૬-૦૪-૨૦૨૬ (રવિવાર) સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી** |
| ૭ | પુનઃ મતદાનની તારીખ (જો જરૂરી હોયતો) | ૨૭-૦૪-૨૦૨૬ |
| ૮ | મતગણતરીની તારીખ | ૨૮-૦૪-૨૦૨૬ |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | ૩૦-૦૪-૨૦૨૬ |

**સ્થળ: ગાંધીનગર**
**તારીખ: ૦૧/૦૪/૨૦૨૬**

**(આર. જી. ગોહિલ)**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૧૨૦૧૬-ક

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નંબર : ૯, ૬ ઠો માળ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬-૧૧-૨૦૧૬

વંચાણમાં લીધા :-
રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૨૫-૧૨૦૧૬-ક તા.૨૨-૧-૨૦૧૬

**<u>આ દે શ</u> :-**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદાર યાદીઓ વિધાનસભા મતદારયાદી પરથી તૈયાર કરવામાં આવે છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં મતદારોને ફોટો ઓળખપત્ર (EPIC) પુરાં પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદારને મળેલ ફોટો ઓળખપત્ર (EPIC) મતદાન મથકે રજૂ કરવાની સૂચના છે. આ ઉપરાન્ત વંચાણવાળા આદેશથી રાજ્ય ચૂંટણી આયોગે મતદારના ઓળખપત્ર માટેના વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ પણ માન્ય કરેલ છે. પુખ્ત વિચારણાના અંતે વંચાણવાળો તા.૨૨-૦૧-૨૦૧૬નો આદેશ રદ કરી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ક) અને ૨૪૩(વ-ક) થી રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂઈએ, હવે પછીની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની યોજાનાર ચૂંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે નીચેની સૂચનાઓનો અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

<u>રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.</u>

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) માં કેલીરીકલ ભુલ અથવા જોડણીની ભુલ હોય તો મતદારને મત આપવા માટે તે ભુલ ધ્યાને લેવાની રહેશે નહી.મતદાર ફોટો ઓળખપત્ર અન્ય વિધાનસભા મત વિસ્તારનું હોય તો પણ મતદારની ઓળખ પ્રસ્થાપિત કરવાના હેતુસર માન્ય રાખવાનું રહેશે.

પરંતુ જો કોઈ મતદાર આવુ ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે, રાજ્ય ચૂંટણી આયોગે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

૧. <u>ફોટા સાથેનો</u> પાસપોર્ટ
૨. <u>ફોટા સાથેનું</u> ડ્રાઈવીંગ લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૩. <u>ફોટા સાથેનું</u> ઈન્કમટેક્ષ (PAN) ઓળખકાર્ડ
૪. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ <u>ફોટા સાથેનાં</u> ઓળખકાર્ડ.
૫. પબ્લીક સેકટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી <u>ફોટા સાથેની</u> પાસબુક (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૬. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ / અન્ય પછાતવર્ગ (OBC) નું સક્ષમ અધિકારીનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૭. <u>ફોટા સાથેના</u> પેન્શન પ્રમાણપત્રો જેવા કે, માજી સૈનિકોની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર/માજી સૈનિકની વિધવા/ આશ્રિતોના પ્રમાણપત્રો / મોટી ઉંમરની વ્યકિતના પેન્શન ઓર્ડર, વિધવા પેન્શન ઓર્ડર (ચૂંટણી તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ.)
૮. કેન્દ્ર સરકાર/ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકનાં ફોટા સાથેના ઓળખ કાર્ડ.
૯. <u>ફોટો સાથેના</u> હથિયારોના લાયસન્સ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)
૧૦. સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનું <u>ફોટા સાથેનું</u> પ્રમાણપત્ર (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)
૧૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાહેંધરી યોજના ( MNREGS) હેઠળ આપવામાં આવેલ <u>ફોટા સાથેના</u> જોબ કાર્ડ (ચૂંટણીની તારીખથી એક માસ પહેલાં ઈસ્યુ થયેલ)

૧૨. કર્મચારી રાજ્ય વીમા યોજના (ESI) હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનું ઓળખકાર્ડ. (ચૂંટણીની તારીખથી એક માસ પહેલા ઈસ્યુ થયેલ)
૧૩. નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર (NPR) સ્કીમ હેઠળ RGI દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ
૧૪. UIDAI દ્વારા આપવામાં આવેલ "આધાર" કાર્ડ

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાન સમયે મતદારોએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ અંગેની વિગત નિયત મતદાર રજીસ્ટરના સંબંધિત કોલમમાં જરૂરી વિગતો ભરવાની રહેશે મતદાર દ્વારા મતદાર ફોટો ઓળખપત્ર (EPIC)રજુ કરવામાં આવેલ હોય ત્યારે આ માટે (EP) લખવાનું રહેશે જ્યારે મતદાર દ્વારા ઉપર પૈકીના કોઈ અન્ય ડોકયુમેન્ટના (મતદારની ઓળખના પુરાવા તરીકે વપરાતા માન્ય ડોકયુમેન્ટ)રજૂ કરેલ હોય તેવા કિસ્સામાં તે ડોકયુમેન્ટનો પ્રકાર લખીને તે ડોકયુમેન્ટના નંબરના છેલ્લા ચાર આંકડા લખવાના રહેશે.**

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજ્ય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

નકલ સવિનય રવાના :-
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

નકલ જયભારત સહ રવાના :-
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે.
- શહેર ચૂંટણી અધિકારી / જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી/જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, સર્વે. આ આદેશની જાણ ચૂંટણી અધિકારીઓ / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને કરવા સારૂ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે
- નાયબ કલેકટરશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ } મારફતે સબંધિત જિલ્લા કલેકટરશ્રી/
- મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ } જિ.વિ.અધિ.શ્રી

આ આદેશની જાણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીના મતદાન મથકના પ્રમુખ અધિકારી / પ્રથમ મતદાન અધિકારીશ્રીઓને કરવા સારૂ

નકલ રવાના :-
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
  આ આદેશ અસાધારણ સરકારી રાજ્યપત્ર ભાગ-૪ (સી) માં તાત્કાલીક પ્રસિદ્ધ કરવા તથા તેની ૨૫ નકલો રાજ્ય ચૂંટણી આયોગ તથા નીચેના અધિકારીઓને તેની સામે જણાવેલ નકલો મોકલી આપવા સારૂ.
  ૧. કલેકટરશ્રી તમામ ૫ નકલ
- રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ તમામ રાજકીય પક્ષો
- સંયુકત સચિવશ્રી / નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/ મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- નાયબ મામલતદારશ્રી (તમામ) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર
  સીલેકટ ફાઈલે.